# જમાલપુરમાં કિન્નરો-સ્થાનિક લોકો વચ્ચે ઘર્ષણ : ૧૬ આરોપીની ધરપકડ

## ગેરસમજણના કારણે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ અને આગચંપીની ઘટના બની





અમદાવાદ, તા.૨૫

જમાલપુર વિસ્તારમાં ગેરસમજણના કારણે સર્જાયેલ વિવાદે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને રાત સુધીમાં આગચંપીની ઘટના બની. જેના કારણે આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાઈ ગયો. કિન્નરો અને સ્થાનિક લોકો વચ્ચે થયેલ ઘર્ષણ મામલે બંને પક્ષે સામ સામે પોલીસ ફરિયાદ થઈ, જે મામલે પોલીસે કુલ ૧૬ આરોપીની ધરપકડ કરી છે. સાથે જ પોલીસ પ્રશાસન દ્વારા એ પણ સ્પષ્ટતા કરવામાં આવી છે કે આ બબાલ કોઈ કોમી નથી.

અમદાવાદના જમાલપુર વિસ્તારમાં પીર બાઈ ધોબીની ચાલીમાં ગઈકાલે બપોરે સ્થાનિક કનુભાઈ ઓડ નામના ઘરે પારિવારિક ઝઘડો થયો, જેમાં ગાળા- ગાળી થઈ. જોકે પોલીસના કહેવા અનુસાર એક નાની ગેરસમજના કારણે ત્યાંના સ્થાનિકો અને કિન્નરો એકબીજા સામે ઉગ્રતાપૂર્વક સામસામે આવી ગયા.

ગઈકાલે બપોરના સમયે કનુભાઈ ઓડ અને તેમના પરિવારમાં ઝઘડો થયો જ્યાં ગાળા ગાળી થઈ રહી હતી, જોકે ત્યાં હાજર કિન્નરોએ આ ગાળો કિન્નરોને આપી હોવાની ગેર સમજ થઈ, બાદમાં મામલો બગડતા સ્થાનિકો અને કિન્નરો વચ્ચે ઉગ્ર બબાલ થઈ.

બપોરે બનેલ ઘટનાની અદાવતમાં બંને જૂથ વચ્ચે ફરીથી સાંજે બબાલ થઈ અને રાત સુધીમાં આગચપી ઘટનામાં પરિવર્તિત થઈ. એક જૂથ દ્વારા મકાનને આગ લગાડવામાં આવી અને વાહન ને પણ આગ લગાડી અને મારામારી થઈ.

જોકે ઘટનાની ગંભીરતાને જોતા કાગડા પોલીસ સ્ટેશન ઉપરાંત આસપાસના પોલીસ સ્ટેશનના પોલીસકર્મી ઉપરાંત ડીસીપી એસીપી કક્ષાના અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા અને ટોળાને વિખેરી પરિસ્થિતિ પર કાબુ મેળવ્યો.

ઘટના બાદ બંને પક્ષે સામ સામે ફરિયાદ નોંધવામાં આવી જે મામલે પોલીસે અત્યાર સુધી કુલ ૧૬ આરોપીની ધરપકડ કરી છે. બંને જૂથના અલગ અલગ પોલીસ સ્ટેશન રાખવામાં આવ્યા છે, એટલે કે એક જૂથના આરોપીઓને કાગડાપીઠ પોલીસ સ્ટેશન અને બીજા જૂથના આરોગ્ય અને મણીનગર પોલીસ સ્ટેશન રાખવામાં આવ્યા છે, જેથી કરીને એકબીજા સામે આવી ફરીથી ઘર્ષણ ઊભુ થયુ. ઘટના સંદર્ભે પોલીસ દ્વારા સ્પષ્ટતા કરી વિનંતી કરવામાં આવી છે કે લોકો આ ઘટના સંદર્ભે કોઈ અફવા સાંભળી કે જાણી ગેરમાર્ગે ન દોરાય. કેમ કે આ ઘટનામાં કોઈ કોમના લોકો સામ સામે ન હતા.



સરખેજ મકરબા રેલવે અંડરબ્રિજમાં દોરેલ પેન્ટીંગમાં ગાંધીજીના ૩ બંદરમાં એકનો ઉમેરો થયો છે. જેમાં બંદરના હાથમાં મોબાઈલ રાખવામાં આવેલ છે.

# અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર ત્રિપલ અકસ્માત

વલસાડ, તા.૨૫

વલસાડ નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર ત્રિપલ અકસ્માત સર્જાયો હતો. ત્રણ ટ્રકો વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ લોકોને ઈજા થઈ હતી. અકસ્માતને કારણે થોડા સમય સુધી હાઈવેના વાહન વ્યવહારને પણ અસર થઈ હતી. વલસાડ નજીક અમદાવાદ-મુંબઈ નેશનલ હાઈવે પર વલસાડ સુગર ફેક્ટરી નજીક આવેલા ઓવરબ્રિજ પર ડામરનું કામ ચાલી રહ્યું હતું. આથી વાહન વ્યવહારને સર્વિસ રોડ પરથી પસાર કરવામાં આવી રહ્યો હતો. આ વખતે સર્વિસ રોડ પર બે ટ્રકો ઉભી હતી. આ ઉભેલી ટ્રકોની પાછળ ધડાકાભેર એક કન્ટેનર અથડાયું હતું. આથી ત્રણેય ટ્રકો અથડાઈ હતી. આ અકસ્માતમાં ટ્રકમાં સવાર ૩ને ઈજા થઈ હતી. જેમને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અકસ્માતને કારણે થોડા સમય સુધી હાઈવેના વાહન વ્યવહારને પણ અસર થઈ હતી. પરંતુ પોલીસની ટીમે તાત્કાલિક સ્થળ પર પહોંચી અને અકસ્માતગ્રસ્ત વાહનોને હટાવી અને વાહન વ્યવહાર યથાવત કરાવ્યો હતો.

અકસ્માતને કારણે થોડા સમય સુધી હાઈવેના વાહન વ્યવહારને અસર પણ થઈ હતી. ત્રણ વાહનો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. ઉભેલી બે ટ્રકોને કન્ટેનરે ટક્કર મારી હતી.

## ૧૦થી વધુ યુવકો પાસેથી રૂપિયા ૨.૮૮ કરોડની છેતરપીંડી

# સસ્તામાં સોનું-ઈલેક્ટ્રાનિક્સ ચીજવસ્તુની લાલચમાં ઠગાઈ

સુરત, તા.૨૫

સુરત શહેરના સિંગણપોર કોઝવે રોડ પર અર્ચના સોસાયટી ખાતે રહેતા ૩૬ વર્ષીય કૃણાલ પ્રવીણભાઈ પટેલ જિમ ટ્રેનર છે. સિંગણપોર ખાતે માય ફિટનેસ ટેમ્પલના નામે ભાગીદારીમાં તેઓ જિમ ચલાવે છે. ૩ માસ પહેલાં જિમમાં ટ્રેનિંગ લેતા વિપુલભાઈ હસ્તક ગજાનંદ પ્રભાકર સાકરવાલા સાથે પરિચય થયો હતો. ગજાનંદ સાકરવાલા વારંવાર જિમ પર આવતા તેઓ વચ્ચે મિત્રતા થઈ હતી.

ગજાનંદે પોતે ઈલેક્ટ્રોનિક્સનો મોટાપાયે ધંધો કરે છે એમ કહી વિશ્વાસ કેળવ્યો હતો. કૃણાલે જિમ શિફ્ટ કરતા ગજાનંદે ચાર સીલિંગ ફેન, ૫૦ એલઈડી લાઈટ ગિફ્ટમાં તેમને આપી હતી.ત્યારબાદ ગજાનંદે ઈલેક્ટ્રોનિક્સના ધંધામાં રોકાણની સ્કીમ આપી હતી. જેથી લાલચમાં આવી કૃણાલે સસ્તામાં ઈલેક્ટ્રોનિક્સની ચીજવસ્તુઓ ખરીદી બજારભાવે વેચવાનું શરૂ કર્યુ હતું. જેમાં સારો એવો નફો મળતા કૃણાલને ગજાનંદ પર વિશ્વાસ વધી ગયો હતો.

થોડા દિવસો પછી ગજાનંદે જણાવ્યું કે, તેના પિતાજીની કાચા સોનાની સિન્ડિકેટ ચાલે છે, તેના પિતાજી તુર્કીથી કાચું સોનું લાવી સુરતમાં નામાંકિત જ્વેલર્સને સસ્તા ભાવે વેચે છે. જેથી આ જ્વેલર્સમાંથી એક તોલા સોનાની ખરીદીમાં ૨૦-૨૨ હજાર જેટલું ડિસ્કાઉન્ટ મેળવતો હોવાની પણ સ્કીમ આપી હતી. જેથી કૃણાલે અઢી માસ પહેલાં ૬૧ હજારના ભાવનું સોનું ૪૨ હજારના ભાવે ખરીદ્યું હતું. ૫ તોલા સોનું ખરીદ્યું હતું. આ રીતે સસ્તામાં સોનું ખરીદી બજારભાવે વેચતા કૃણાલને ફાયદો થયો હતો. તેને મિત્રોને વાત કરતા તેઓ પણ ગજાનંદ હસ્તક સોનું ખરીદતા થયા હતા. ત્યારબાદ ૩૯૦ ગ્રામ સોનાનો ઓર્ડર આપ્યો હતો. ૫૦ હજારના ભાવે ૧૯.૫૦ લાખ આપ્યા છતાં સોનાની લગડી આપી ન હતી. ગજાનંદ યેનકેન પ્રકારે બહાના કરતો હતો.વધુમાં કૃણાલે ગજાનંદ પાસેથી એસી, મોપેડ, ઈલેક્ટ્રિક બાઈક ૩.૯૫ લાખ આપ્યા હતા. જોકે, આ કોઈ વસ્તુ કૃણાલને આપી ન હતી. આમ, સોનાની લગડી અને ઈલેક્ટ્રોનિક્સ વસ્તુના મળી ૨૩.૪૫ લાખ કૃણાલને ગજાનંદ પાસે લેવાના બાકી નીકળે છે. આ ઉપરાંત, તેના ૫ મિત્રો પણ ગજાનંદની જાળમાં ફસાઈ ગયા હતા. તેઓને પણ સસ્તામાં સોનાની લગડી, મોપેડ, આઈફોન, ઈલેક્ટ્રોનિક્સ સામગ્રી અપાવવાનું કહી ૧૨થી વધુ લોકો પાસેથી ૨.૬૫ કરોડ પડાવી લીધા હતા.ક્રાઈમ બ્રાંચમાં કૃણાલે ફરિયાદ આપી હતી. દરમિયાન ઈકો સેલે આ ગુનામાં ગજાનંદ પ્રભાકર સાકરવાલાની ધરપકડ કરી હતી.

# રાજસ્થાનમાં અકસ્માત : મહેસાણાના ત્રણ કૌટુંબિક ભાઈઓના કરૂણ મોત

## રણુજા દર્શને જવા નીકળ્યા હતા અને હાઈવે પર સામેથી આવી રહેલી સ્કોર્પિયો કાર સાથે અકસ્માત નડ્યો હતો

મહેસાણા, તા.૨૫

રાજસ્થાનના બાડમેર નેશનલ હાઈવે નંબર ૬૮ પર સ્કોર્પિયો અને અર્ટિગા વચ્ચે જોરદાર ટક્કર થતાં બંને કારનો બૂકડો બોલાઈ ગયો હતો. કારમાં સવાર ૫માંથી ૩ના ઘટનાસ્થળે જ મોત થયા હતા. બનાવની જાણ થતાં પરિવારમાં શોકનો માહોલ છે.

અધિક પોલીસ અધિક્ષક, બાલોત્રા, સુભાષ ચંદ્રાએ જણાવ્યું હતું કે અકસ્માત જિલ્લાની મંગતા સરહદે થયો હતો જ્યારે બે કાર ઓવરટેક કરતી વખતે સામસામે અથડાઈ હતા. તેમણે જણાવ્યું કે સ્કોર્પિયો અને અર્ટિગા વચ્ચે ટક્કર થઈ હતી. તેમણે વધુમાં કહ્યું કે, ઈજાગ્રસ્તોને સારવાર માટે બાડમેરની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે, જ્યારે મૃતક યુવકોના મૃતદેહ પોસ્ટમોર્ટમ બાદ પરિવારને સોંપવામાં આવશે.

ખેરાલુ તાલુકાના મલાલપુર ગામના સંદીપ બાબુભાઈ ચૌધરી, સૌરભ વિજય ચૌધરી, વિશ્વાસ વીરસંગભાઈ ચૌધરી, ઉદયભાઈ રમેશભાઈ ચૌધરી, હિમાંશુ દેવેન્દ્રભાઈ ચૌધરી જીજે-૦૨-ડીએસ-૫૧૧૮ નંબરની અર્ટિગા કારમાં રણુજા જવા નીકળ્યા હતા. આ દરમિયાન બાડમેર નેશનલ હાઈવે પર નંબર પ્લેટ વિનાની સ્કોર્પિયો સાથે જોરદાર ટક્કર થઈ હતી. ટક્કરની સાથે જ બંને ગાડીઓના ભૂક્કા બોલાઈ ગયા હતા. અકસ્માતની તસવીરો પણ સામે આવી છે, જે જોઈને અંદાજો લગાવી શકાય છે કે, અકસ્માત કેટલો ગંભીર હશે? અકસ્માત સર્જાતા અર્ટિગામાં સવાર સંદીપ ચૌધરી, સૌરભ ચૌધરી અને વિશ્વાસ ચૌધરીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે હિમાંશુ ચૌધરી અને ઉદય ચૌધરીને સારવાર માટે નજીકની હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. એટલું જ નહીં, સ્કોર્પિયો કારમાં સવાર લોકોને પણ ઈજાઓ થતાં હોસ્પિટલ ખસેડાયા હતા.

બનાવને પગલે રોડ પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને એમ્બ્યુલન્સ તેમજ સ્થાનિક પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યારબાદ સ્થાનિકોની મદદથી અર્ટિગામાંથી મૃતદેહોના ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતા. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર સવારે ૧૦ વાગ્યે ૫ યુવક કારમાં રણુજા જવા નીકળ્યા હતા અને સાંજે ૪ વાગ્યાની આસપાસ તેમની કારને અકસ્માત નડ્યો હતો. બે પરિવારે એકના એક દીકરા ગુમાવ્યા છે. એકના તો એક મહિના પહેલા જ લગ્ન થયા હતા. ત્રણેયના મૃતદેહ વતન પહોંચ્યા હતા અને અંતિમ સંસ્કારમાં આખું ગામ હિબકે ચડ્યું હતું. આ દરમિયાન સૌ કોઈની આંખો ભરાઈ ગઈ હતી.

# પાલનપુરમાં મંદિર તોડી રસ્તો બનાવી દેતા ભક્તોમાં રોષ

## લોકો સવારે પૂજા અર્ચના કરીને કામની શરૂઆત કરતા હતા : સવારે પૂજા કરવા આવ્યા ત્યારે મંદિર ન હતું

બનાસકાંઠા, તા.૨૫

પાલનપુરના કોઝી વિસ્તારમાં ૫૦ વર્ષ જૂનું દુઃખિયા હનુમાનજીનું મંદિર તોડી અને રાતોરાત રસ્તો બનાવી દેતા હિન્દુ સંગઠનોમાં ભારે નારાજગી વ્યાપી છે. મંદિર તોડતા લોકોમાં પણ આક્રોશ છે. જો કે પોલીસે સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે. પાલનપુરના કોઝી વિસ્તારમાં વર્ષોથી હનુમાનજીનું મંદિર હતું નાના વેપારી સહિત લોકો પણ ત્યાં સવારે પૂજા અર્ચના કરીને પોતાના કામની શરૂઆત કરતા હતા, પરંતુ સવારે જ્યારે લોકો પૂજા કરવા આવ્યા ત્યારે મંદિર ન હતું. મંદિરની પાછળ આવેલા દુકાનદારે આ મંદિરને રાતોરાત તોડી અને ત્યાં આરસીસી રસ્તો બનાવી દીધો. એક લીમડાના વૃક્ષને પણ કાપી અને જે ગરીબોના માલ સામાન પણ પડ્યો હતો તે પણ ફેંકી દેવાયો હતો, ત્યારે વિસ્તારના આસ્થાના પ્રતિ કેવા હનુમાનજીનું મંદિર તોડી પડાતા હિન્દુ સંગઠનો નારાજ થયા છે અને તેઓએ મંદિર તોડી પાડનાર સામે કડક કાર્યવાહીની માંગ કરી છે અને નવું મંદિર બનાવી આપવાની માંગ કરી છે. જો કે ૨૪ કલાકમાં આ મંદિરનું કામ ચાલુ નહીં થાય તો હિન્દુ સંગઠનો એ ઉગ્ર આંદોલન કરવાની પણ ચીમકી ઊંચાઈ છે. આસ્થાના પ્રતિક એવા હનુમાનજીનું મંદિર રાતોરાત તોડી પડાતા લોકોમાં ભારે નારાજગી છે. લોકોના ટોળેટોળા પણ એકઠા થયા છે. જ્યારે શહેરના નાગરિકો અને હિન્દુ સંગઠનોએ પણ સૂત્રોચાર સાથે મંદિરને નવું બનાવવાની માંગ કરી છે અને દુકાનદાર સામે કાર્યવાહીની માંગ કરી છે. રાતો રાત વૃક્ષ કાપી મંદિર તોડી અને રસ્તો બનાવી દેનાર દુકાનદાર સામે લોકોનો રોષ છે.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જર્જરિત મકાનને લઈ સર્વે કરાયો

રાજકોટ, તા.૨૫

તાજેતરમાં જામનગરમાં જર્જરિત મકાન પડવાની ઘટના ઘટી હતી, ત્યારે રાજકોટમાં આવી કોઈ ઘટના બને એ પહેલા જ તંત્ર એલર્ટ થઈ ગયું છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જર્જરિત મકાનને લઈને સર્વે કરવામાં આવીયો હતો. જેમાં કુલ ૫૩૩ મકાનો જર્જરિત હોવાનું સામે આવ્યું હતું.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ત્રણેય ઝોનમાં સર્વે હાથ ધરાયો હતો. જેમાં શહેરમાં સૌથી વધુ સેન્ટ્રલ ઝોનમાં જર્જરિત મકાન હોવાનું સામે આવ્યું હતું. જ્યારે સૌથી ઓછા જર્જરિત મકાન રાજકોટ શહેરના ઈસ્ટ ઝોનમાં હોવાનું સામે આવ્યું હતું.

રાજકોટ શહેરના સેન્ટ્રલ ઝોનમાં ૨૬૮ મકાન જર્જરિત હોવાનું સર્વેમાં સામે આવ્યું હતું. ત્યાર બાદ વેસ્ટ ઝોનમાં ૨૩૦ મકાન હોવાનું સામે આવ્યું હતું. જ્યારે ઈસ્ટ ઝોનમાં ૩૫ મકાન જર્જરિત હોવાનું સામે આવ્યું હતું. હાલ તમામ આ જર્જરિત મકાન ધારકોને નોટિસ આપવામાં આવી છે. આ ૫૩૩ મકાનોમાં હજારો લોકો વસવાટ કરે છે, ત્યારે જો કોઈ દુર્ઘટના થાય તો અનેક લોકોના જીવને જોખમ ઊભું થઈ શકે છે. ચોમાસા દરમિયાન ભારે વરસાદ આવવાથી મકાન ધરાશાયી થવાની શક્યતાઓ પણ રહેતી હોય છે, ત્યારે આ મામલે તંત્ર પણ એલર્ટ થયું છે. રાજકોટ શહેરમાં મવડી વિસ્તારમાં ગુરુપ્રસાદ ચોક નજીક આવેલી આવાસ યોજના સહિત શહેરના અનેક વિસ્તારો એવા છે કે, જ્યાં આવા જર્જરીત મકાનો આવેલા છે. જે ધરાશાયી થાય તો અનેક લોકો માટે જોખમ ઊભું થઈ શકે છે.

# કડીમાં મુખ્યમંત્રીની ઉપસ્થિતિમાં પંચામૃત માણેક મહોત્સવ યોજાયો

કડી, તા.૨૫

મહેસાણાના કડીમાં પંચામૃત માણેક મહોત્સવ યોજાયો હતો. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને પૂર્વ નાયબ મુખ્યપ્રધાન નિતીન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જેઓએ કન્યા કેળવણીને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ખૂબ યાદ કર્યા હતા. મહેસાણાના કડીમાં પંચામૃત માણેક મહોત્સવ યોજાયો હતો. રાજ્યના મુખ્યપ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને પૂર્વ નાયબ મુખ્યપ્રધાન નિતીન પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ભૂપેન્દ્ર પટેલે દિકરીના શિક્ષણનુ મહત્વ સમજાવ્યુ હતુ. મુખ્યપ્રધાને કહ્યુ હતુ કે, કન્યાઓમાં ડ્રોપ રેશીયો ઘટ્યો હોવાનુ કહ્યુ હતુ. અગાઉ ૩૭ ટકા ડ્રોપ આઉટ થતો હતો. અગાઉ ૧૦૦ ટકા નામાંકન




બાળકીઓનુ થતુ નહોતુ અને એમાં ૩૭ ટકા ડ્રોપ આઉટ હતો. હવે રાજ્ય સરકાર ૧૦૦ ટકા નામાંકન કરાવવા પ્રયાસ કરે છે અને તેમાં ડ્રોપ આઉટ રેશીયો નહિવત કરવામાં આવ્યો છે.

પૂર્વ નાયબ મુખ્ય પ્રધાન નિતીન પટેલે પાટીદાર સહિત તમામ સમાજમાં દિકરીના શિક્ષણ આપવાને લઈ જાગૃતી વધી હોવાનુ કહ્યુ હતુ. ભૂપેન્દ્ર પટેલ અને નિતીન પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને યાદ કર્યા હતા, જેમણે મુખ્ય પ્રધાન હોવા દરમિયાન દીકરીઓના શિક્ષણને લઈ ચિંતા દર્શાવી પ્રયાસો શરુ કર્યા હતા. નિતીન પટેલે કહ્યુ હતુ કે, નરેન્દ્ર મોદી લોકો પાસે દીકરીઓના શિક્ષણની ભીખ માંગતા અને બીજુ કશુ નથી જોઈતુ એમ કહી કન્યા કેળવણીનો સફળ પ્રયાસ કર્યો હતો.

### ૨૫ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ટેન્કરથી જ અસરગ્રસ્ત વિસ્તારોમાં પાણીનો પુરવઠો આપ્યો હતો.

મળતી વિગતો પ્રમાણે આજે ૧૩ જેટલા દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આજે વધુ ૧૪ દર્દીઓને સઘન સારવાર જરૂરી જણાતાં દાખલ કરવામાં આવેલ છે. પાંચ દર્દીઓને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રની ટીમો દ્વારા ઓ.આર.એસ. પાવડર તેમજ ક્લોરીનની ટીકડીઓનું વિતરણ વધારવામાં આવ્યુ છે. આજે પણ રેસીડ્યુઅલ ક્લોરીનેશન ટેસ્ટ કરવામાં આવ્યા હતા. સુપર ક્લોરીનેશન માટેની સૂચનાઓ આપવામાં આવી છે.

### વર્મી કમ્પોઝ્ડ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શહેરમાં આ વખતે મિલીયન ટ્રીના લક્ષ્યાંક સાથે વૃક્ષોના વાવેતરનો લક્ષ્યાંક રાખનાર મનપાના કાઉન્સીલરો કેટલા ખાતરનો ઉપાડ કરે છે તેના પર સૌની મીટ મંડાયેલી છે. શૈક્ષણિક સંસ્થાઓમાં વૃક્ષારોપણ પછી આ સંસ્થાઓને નજીવા દરે આ ખાતર પુરૂ પાડવુ જોઈએ તેવી લાગણીઓ શૈક્ષણિક વર્તુળોમાં વ્યક્ત થતી સાંભળવા મળી રહી છે.

### રિ-લોન્ચ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કાર્યક્રમના પ્રારંભ પ્રસંગે રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી પદે હતા ત્યારે તેમણે ગામડાના સર્વાંગી વિકાસ માટે શહેર સમોવડી સુવિધા ગામડામાં ઊભી કરીને ગ્રામજનોના આરોગ્યની ચિંતા, શિક્ષણની ચિંતા તેમજ કન્યા કેળવણીની ચિંતા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે વિકાસ માટે માળખાકીય સુવિધાનું નિર્માણ કરવું જરૂરી છે.

ઈન્ડિયન મેડિકલ એસોશિએશનના મંત્રી શ્રી ડૉ. અનિલ નાયકે જણાવ્યું હતું કે, એસોશિએશનમાં સમગ્ર દેશના ૪ લાખ ૫૦ હજાર કરતા વધુ ડૉકટરો સભ્ય છે. તેમજ દેશના ૩૩ રાજયમાં ૧૭૦૦ સ્થળો ખાતે એસોશિએશન કાર્યરત છે. ગામડામાં ડૉકટર જતાં નથી, તેવી ફરિયાદના ઉમદા નિરાકણના ભાગરૂપે એસોશિએશન દ્વારા ' ચલો ગાવ ચલે ' કાર્યક્રમ અમલી બનાવવામાં આવ્યો છે. આ કાર્યક્રમ થકી ૧૭૦૦ શાખાઓ દ્વારા ગામોને દત્તક લેવામાં આવશે. જેના દ્વારા ગામડાઓમાં મેડિકલ સુવિધા પૂરી પાડવાનો નિર્ધાર કરવામાં આવ્યો છે. આ અભિયાન થકી ગ્રામજનો અને તબીબીના સંબંધો બંધાશે. આ કાર્યક્રમ થકી વેક્સિનેશન અંગેની જાગૃત્તિ લાવવા સાથે સાથે તંદુરસ્ત આરોગ્ય અંગે પણ લોકોને જાગૃત્ત કરવામાં આવશે.

### જળબંબાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

વરસાદના કારણે ગઈકાલે પણ યાત્રામાં અવરોધ સર્જાયો હતો અને છેલ્લા કેટલાક દિવસથી યાત્રાની ગતિ ધીમી પડી ગઈ છે. શ્રદ્ધાળુઓને મંદિર સુધી લઈ જવા અને પરત લઈ આવવા માટે આ વખતે ઘોડા અને ખચ્ચરોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. આ દરમિયાન કેટલાક ઘોડા મૃત્યુ પામ્યા છે.

### કરંટ લાગતા

● અનુસંધાન પહેલાનું ચાલુ

લેવા માટે વીજળીનો થાંભલો પકડી લીધો. આ દરમિયાન મહિલાને કરંટનો જોરદાર ઝટકો લાગ્યો અને મહિલા પડી ગઈ. આજુબાજુના લોકોએ જ્યારે જોયું તો તેમણે મહિલાને બચાવવાની કોશિશ કરી. લોકોએ સાવધાની વર્તતા મહિલાને થાંભલાથી અલગ કરી અને તરત હોસ્પિટલ પહોંચાડી. હોસ્પિટલમાં મહિલાએ દમ તોડ્યો.

ઉત્તર રેલવેના ડીઆરએમ દીપક કુમારે કહ્યું કે પ્રાથમિક તપાસથી એવું લાગે છે કે વરસાદના કારણે પાણી ભરાયાના કારણે કરંટ આવવાથી આ અકસ્માત થયો. એવું પ્રતિત થાય છે કે ઈન્સ્યુલેશન ફેલિયરના કારણે કેબલથી કરંટ લીકેજ થયો. રેલવેની કાર્યપ્રણાલીમાં કોઈ પ્રકારની કમી નથી. આવું બીજીવાર ન થાય તે માટે તપાસ થઈ રહી છે. દિલ્હી મંડળમાં વિદ્યુત સેફટી ડ્રાઈવ શરૂ કરાઈ છે. જેનાથી આવું ફરી ન થાય.

### મસ્જિદની મુલાકાત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હતી. અનેક વિશેષજ્ઞો હજારો વર્ષ જૂની આ મસ્જિદમાં પીએમ મોદીની મુલાકાતને અલગ રીતે જોઈ રહ્યા છે. તેમનું કહેવું છે કે ઈજિપ્ત આવીને આ મસ્જિદની મુલાકાત કરવી એ દ્વિપક્ષીય સંબંધોમાં ગેમચેન્જર સાબિત થશે. તેમણે આ પ્રવાસના વખાણ કર્યા છે.

સન ૧૯૯૭ બાદ કોઈ ભારતીય પીએમ ઈજિપ્તના પ્રવાસે ગયા છે. આ મસ્જિદ ઈજિપ્તના મુસલમાનો માટે સૌથી પવિત્ર સ્થળોમાંથી એક છે. મસ્જિદ અલ મુઈઝ સ્ટ્રીટના પૂર્વ બાજુ છે. સ્થાનિક રિપોર્ટ્સ મુજબ દાઉદી વોરા ઈસ્માઈલી શિયા સંપ્રદાયે મસ્જિદ માટે સ્થાનિક મુદ્રામાં લગભગ ૮૫ મિલિયન પાઉન્ડનું દાન કર્યું. આ વર્ષે ફેબ્રુઆરીમાં તેને જનતા માટે ફરીથી ખોલવામાં આવી. આ મસ્જિદના રિનોવેશનનો શ્રેય ભારતીય વોહરા સમુદાયના સુલ્તાન મુફદ્દલ સૈફુદીન અને તેમના આધ્યાત્મિક નેતા ૫૩માં અલ દાઈ અલ મુકલકને જાય છે.

### હાહાકાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અધિકારીઓ પણ દોડી આવ્યા હતા અને પરિસ્થિતિ પર કાબૂ મેળવવા પ્રયાસ કરવામાં આવ્યો હતો.

કહેવામાં આવી રહ્યું છે કે, થોડી જ વારમાં આ ગેસ અન્ય વિસ્તારોમાં પણ ફેલાયો હતો. કેટલીક જગ્યાએ લોકોને શ્વાસ લેવામાં મુશ્કેલી પડી રહી હોવાની પણ ફરિયાદો ઉઠી હતી. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે, આ ગેસ ચાર કિમીના વિસ્તારમાં પ્રસરી ચૂક્યો હતો. જેના કારણે અફરા તફરી સર્જાઈ હતી. અત્યાર સુધીમાં આ ઘટનામાં એકનું મોત થયુ છે અને સોથી પણ વધુ લોકોને અસર થઈ હોવાનું સામે આવ્યું છે.